## હરિની દૃષ્ટિ...




જો, એક સોશ્યલ સ્ટડીવાળાએ લખ્યું..., દ્રોપદીને વસ્ત્રહીન કરવાથી મહાભારત થયું... અત્યારે... વસ્ત્ર પહેરવાનું કહેવાથી થાય છે...!!

# પંચદેવ મંદિરે મેળામાં માનવ મહેરામણ

### ગાંધીનગરની આસપાસના ગ્રામ્યજનો મેળો માણવા ઉમટી પડ્યા : મોડી રાત્રે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી : વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે ભીડ

ગાંધીનગર, તા. ૬

શહેરની મધ્યમાં આવેલા પંચદેવ મંદિરના પ્રાંગણમાં જન્માષ્ટમીના અવસરે યોજાયેલા મેળામાં ગ્રામ્ય વિસ્તારના અને શહેરના લોકો ઉમટી પડ્યા હતા. બપોરથી છેક મોડી રાત સુધી મેળામાં ભારે ભીડ જોવા મળી હતી. વિવિધ ચીજવસ્તુઓની ખરીદી મોટાપાયે થઈ હતી.

શ્રીકૃષ્ણના જન્મોત્સવ પ્રસંગે સમગ્ર ગુજરાતમાં એકથી દસ દિવસના મેળા-લોકમેળાનું આયોજન થાય છે. જન્માષ્ટમીનો ભલે અહીં સૌરાષ્ટ્ર જેવો ક્રેઝ નથી પરંતુ જિલ્લામાં વિવિધ સ્થળોએ આઠમે ભરાતા મેળામાં ખુબ ભીડ જોવા મળે છે. ગાંધીનગર શહેરની મધ્યમાં આવેલા પંચદેવ મંદિરે યોજાતા આઠમના મેળાનું શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના લોકોમાં પણ ખુબ આકર્ષણ છે.



મંદિરના પ્રાંગણમાં ભરાતા મેળામાં નાની-મોટી ચીજવસ્તુઓ, રમકડાં, ઘર સજાવટની ચીજવસ્તુઓનું વેચાણ કરતા નાના ફેરીયાઓ, વેપારીઓએ સવારથી જ ભીડ જમાવી દીધી હતી. બપોર બાદ શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારના ગ્રામ્યજનો મેળામાં ઉમટી પડ્યા હતા. હૈયેહૈયુ દળાય એટલી ભીડ જોવા મળી હતી. છેક મોડી સાંજ સુધી ગ્રામજનોની અવરજવર અહીં જોવા મળી હતી.

સાંજ પછી શહેરીજનો મેળામાં આંટો મારવા નીકળી પડ્યા હતા. મોડી રાત સુધી શહેરીજનોની ભીડ મેળામાં જોવા મળી હતી. મોડી રાત્રે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી ત્યાં સુધી મેળાની રંગત જામી હતી. મેળાના કારણે પંચદેવ મંદિરની આસપાસ છેક સેક્ટર-૨૧ સુધી વાહનોના ખડકલા જોવા મળ્યા હતા. ખાણીપીણીની લારીઓ પર ભારે ભીડ રહી હતી. ટ્રાફીક તથા ભીડને મેનેજ કરવા માટે સેક્ટર-૨૧ પોલીસ ખડે પગે રહી હતી.

## ખૂણે ખાંચરેથી...

● આજે શ્રાવણનો છેલ્લો સોમવાર. રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ પુરાણોમાં જેનો ઉલ્લેખ થયો છે તેવા ધોળેશ્વર મહાદેવના દર્શને સવારે ૭.૩૦ કલાકે જવાના છે.

● ઉત્તર ગુજરાત ૪૧ ગામ કડવા પાટીદાર સમાજનો પંચમ પરિણય મેળો ગાંધીનગર ટાઉનહોલમાં યોજાયો હતો.

● કલોલ પ્રા. શાળા નં. ૯માં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા પ્રીતિબેન ગાંધીએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પુરસ્કારમાં મળેલ રકમ લાયબ્રેરીમાં પુસ્તકોની ખરીદી માટે ભેટ આપવાની જાહેરાત કરી હતી.

● ગાંધીનગર સમાચારના મેને. તંત્રી અને કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્ત જ્હા, તંત્રીશ્રી સ્વ. વાસુદેવ જ્હા તથા તેમના પિતા શ્રી સ્વ. વિષ્ણુપ્રસાદ જ્હાનો આજે જન્મદિવસ હતો. એક જ પરિવારના ત્રણેય પુત્રોનો એકજ દિવસે જન્મનો આ અનોખો પ્રસંગ છે.

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિએ પંચાયતની ચૂંટણી માટે નિરીક્ષકોની નિયુક્તી કરી દીધી છે.

● આજે ગિયોડ ખાતેના અંબાજી મંદિર પાસે ભાજપના કાર્યકરોની ટિફિન બેઠક મળી હતી.

# જીપીએસસીની પરીક્ષાને કારણે અનેક કર્મચારીઓ લાંબી રજા પર

ગાંધીનગર, તા. ૬

રાજ્યભરમાં આગામી ડિસેમ્બર માસમાં જીપીએસસીની અધિકારી વર્ગ-૧-૨ની મુખ્ય પરીક્ષાની તૈયારી માટે અસંખ્ય

**ડિસેમ્બરમાં યોજાનાર વર્ગ-૧ અને ૨ ની પરીક્ષાની તૈયારી માટે સરકારી કર્મચારીઓએ રજા મુકતા કચેરીઓમાં કામ ખોરવાયા**

સરકારી કર્મચારીઓ તેમજ ખાનગી કંપનીના કર્મચારીઓ ઓફિસમાંથી લાંબી રજાઓ પર ઉતરી ગયા છે. પરિણામે અનેક કચેરીમાં મોટા પ્રમાણમાં નિયમિત કામકાજ ખોરવાઈ ગયા છે, જ્યારે કેટલાક કર્મચારીઓએ નોકરીમાંથી રાજીનામા આપી તૈયારી કરવા ચોટલી બાંધીને બેસી ગયા છે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૧ વર્ષ અગાઉ લેવાયેલી અધિકારી વર્ગ-૧ અને ૨ની પ્રિલીમ પરીક્ષાનું ઓગષ્ટ માસમાં પરિણામ પ્રસિદ્ધ કર્યુ હતું. જેમાં રાજ્યભરમાંથી કુલ ૨૯૬૦ ઉમેદવારોની મુખ્ય પરીક્ષા માટે પસંદગી કરી તમામ સફળ ઉમેદવારોની યાદી મુકવામાં આવી હતી.

પ્રિલીમ પરીક્ષામાં પાસ થનાર મોટા ભાગના ઉમેદવારો વર્તમાન સમયમાં રાજ્યની કોઈ ને કોઈ કચેરીમાં વર્ગ-૩ની સમકક્ષ જગ્યાઓ પર સરકારમાં કર્મચારી તરીકે કામ કરી રહ્યા છે. ત્યારે જીપીએસસીની મુખ્ય પરીક્ષાની તૈયારી કરવા અસંખ્ય કર્મચારીઓ કોઈ પણ બહાના હેઠળ લાંબી રજાઓ પર ઉતરી ગયા છે. જ્યારે હજુ પણ ઘણા કર્મચારીઓ પોતાની રજા માટેની અરજીઓ લઈ ઉપલી અધિકારી પાસે જઈ આજીજી કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતના ચૂંટણી જંગના પગલે ઉમેદવારોની પસંદગી માટે ભાજપ-કોંગ્રેસે હાથ ધરેલી કવાયત

### ભાજપની ૧૦-૧૨ સપ્ટેમ્બરે ગાંધીનગર (દ)માં બેઠકો પર બાયોડેટા મંગાવાયા : કોંગ્રેસે નીરીક્ષકો નીમ્યા

ગાંધીનગર, તા. ૬

પંચાયતોની આવી રહેલી ચૂંટણીને પગલે રાજકીય પક્ષોએ ઉમેદવારોની પસંદગીને લઈ તેમની કામગીરીને વેગીલી બનાવી દીધી છે.

કોંગ્રેસ પક્ષે બેઠક દીઠ નિરીક્ષકોની નિમણુંક કરી દીધી છે તો ભારતીય જનતા પક્ષે આગામી ૧૦ અને ૧૨ સપ્ટેમ્બરના રોજ પાંચ-પાંચ બેઠકો પર સંભવિત ઉમેદવારોના બાયોડેટા માટેની બેઠકોનું આયોજન કર્યુ છે.

કોંગ્રેસ પક્ષે તેના નિરીક્ષકોની નિયુક્તી પછી હવે આગામી સપ્તાહના અંતમાં બેઠક પર રજુઆતો સાંભળવા જવાનો અને રાજકીય સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા માટેનો એક્શન પ્લાન તૈયાર કરી રહેલ છે.

સપ્ટેમ્બરના અંત સુધીમાં રજુઆતો સાંભળવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે તેમ કોંગ્રેસના આંતરિક સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બીજી તરફ ભારતીય જનતા પક્ષે ગાંધીનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારમાં પાંચ-પાંચ બેઠકો પર આગામી ૧૦ અને ૧૨ સપ્ટેમ્બરના રોજ ટિકિટ વાંચ્છુઓને તેમના બાયોડેટા ધારાસભ્યોને સુપ્રત કરવા માટેની બેઠકોનું આયોજન કર્યુ છે.

ભારતીય જનતા પક્ષના સત્તાવાર સૂત્રો તો મૌન છે પણ મળતી વિગતો મુજબ આ વખતે નિરીક્ષકોની નિમણુંક પહેલા ધારાસભ્યો અને જિલ્લા એકમ દ્વારા સ્કુટીની થશે. ત્યારબાદ તેમાંથી સ્કુટીની થયેલા ઉમેદવારોની જ નિરીક્ષકો રજુઆતો સાંભળશે.

ભાજપના આગેવાનો હાલ ટિફિન બેઠકોમાં વ્યસ્ત છે અને પ્રચાર માધ્યમો સાથે વાત કરવાનું નિયમિત રીતે ટાળી રહ્યા છે એટલુ જ નહિ પ્રચાર માધ્યમોના પ્રતિનિધિઓને જોઈ મૌન પણ બની જાય છે.

# સે. ૨૩ સ્વામીનારાયણ ગુરુકુળ દ્વારા જન્માષ્ટમીની ઉત્સાહપૂર્વક ઉજવણી






ગાંધીનગર તા.૬

ગાંધીનગર શહેરના વિવિધ મંદિરો તેમજ શાળામાં જન્માષ્ટમી પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શહેરના સેકટર-૨૩ ખાતે આવેલી શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ શાળામાં પણ જન્માષ્ટમીનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ૩૫૦ બાળકો દ્વારા ભગવાન વિષ્ણુના દશ અવતારોને નૃત્ય અને નાટીકા સ્વરુપે ભવ્ય રીતે રજુ કર્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં શહેરીજનો હાજર રહ્યા હતા. શહેરની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામીનારાયણગુરુકુળ ગાંધીનગર દ્વારા જન્માષ્ટમી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવમાં ગુરુકુળ સંચાલિત શ્રી હરી ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલ,સ્વામીનારાયણ શિશુ વિધાલય,સ્વામીનારાયણ ગુરુકુળ વિધાલય,સ્વામીનારાયણ પબ્લીક સ્કુલ,સ્વામીનારાયણ હાઈસ્કુલ તેમજ પોલીટેકનીક(ડીપ્લોમા) અને સ્વામીનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી સહિતના અંદાજીત ૩૦૦ વિધાર્થીઓએ ભગવાન વિષ્ણુંના દશ અવતાર દર્શાવવાં હતા. જેમા મત્સય અવતારમાં સત્યવ્રત રાજા નિદ્રામાં હોય છે.ત્યારે રાક્ષસો વેદોને લઈ જાય છે.વેદો લઈ જતા રાજા ચિંતિત થઈ જાય છે.વેદોનું જ્ઞાન અત્યંત જરુરી હોવાથી ભગવાન મત્સ્ય અવતાર લઈને અસુંગી અસુરને મારીને વેદોને



(તસવીર : કશ્યપ નિમાવત)

પરત લાવીને સત્વવ્રત રાજાને સોપે છે.વેદોને પૃથ્વી પર સુરક્ષીત રાખવાનું વચન આપે છે.કુરમા અવતારમાં ઈન્દ્ર પોતે પાલખી લઈને જતા હોય છે.રુદ્રાવાસા રુષી રસ્તામાં મળે છે.રુષી પુષ્પ માળા થી સ્વાગત કરે છે.ત્યારે બગવાન ઈન્દ્ર પોતાના અભીમાનથી કહે છેકે મારી પાસે કિંમતી માળા છે.તેવું કહીને પુષ્પમાળા સ્વીકારતા નથી. દુરવાષા રુષી શ્રાપ આપે છે. વૈભવ સુખ નષ્ટ થાય છે. અને દાનવો ઈન્દ્રદેવને પરાસ્ત કરી ઈન્દ્રાસન જીતી જાય છે.ભગવાન દેવ દાનવો વચ્ચે સમુદ્ર મંથન કરાવે છે.દેવોને સાચચવવા કુરમા અવતાર ધારણ કરે છે.વરાહ અવતારમાં સનતકુમાર બાળ સ્વરુપે તપ કરે છે.ભગવાનના દર્શન કરવા વૈકુંઠ જાય છે.દ્વારપાલ જય અને વિજય રોકે છે. સનત કુમાર જય વિજયને શ્રાપ આપે છે.

,વામન અવતારમાં અશુર રાજા બલી ઈન્દ્રાસન પર ચડાઈ કરી વિજય મેળવે છે.ઈન્દ્ર રાજા અદિતી દેવી જોડે જાય છે.ત્યારે દેવી તેમને કહે છેકે ભગવાન જન્મ ધારણ કરી ઉધ્ધાર કરશે ભગવાન બ્રાહ્મમ અવતારમાં વામનરુપ લઈબલીરાજા યૃજ્ઞ,કરતાં હોય છે. ત્યારે દાન માંગે છે. ભગવાન માત્ર ૩ ડગ જમીન માંગે છે .ત્યારે બલી રાજા કહે છે કે ૩ ગામ માંગ્યા હોતતો ૩૦ ગામ આપત ત્યારે તમેતો માત્ર ૩ ડગ જમીન માંગી છે. બલી રાજા વચન પાલન હોવાથી ૩ ડગ જમીન માપવાનું કહે છે. વામન રુપમાં ભગવાન પ્રથમ ડગમાં બ્રહ્માંડ,બીજા ડગમાં પાતાળ લઈ લેછે. ત્રીજુ ડગ કયાં મુકુ તેવું કહેતા બલી રાજા પોતાના માથા પર મુકવાનું કહે છે. ત્યારે ભગવાનતેના માથા પર ડગ મુકીને પાતાળમાં ધકેલી દેછે. નૃસિંહ અવતારમાં હિરણાંકશ્યપ પોતાના રાજમાં તપ કરી બ્રહ્માજી પાસેથી વરદાન માંગે છે.કે પૃથ્વીના કોઈ તત્વથી તેનું મૃત્યું ન થાય ત્યારે બ્રહ્માજી વચન આપે છે.પોતાના દિકરા ભકત પ્રહલાદને શિક્ષણ માટે મોકલે છે.પૃથવી પર ભગવાન વિષ્ણું એકજ છે. હિરણાકશ્યપના દરબાર રાજાની જયજયકાર થાય છે.ત્યારે આવુ કેમ વિષ્ણુ ભગવાની જગ્યાએ મારા પિતાની જય થાય છે. આ સાંભળીને પ્રહલાદને મારવા માટે અનેક યુકિત અપનાવવામાં આવે છે. પરંતુ ભકત પ્રહલાદ ભચી જાય છે.ત્યારે હોલિકા હિરાણાકશ્યપની બહેન ને અગ્ની થી મૃત્યુ ન થાય તેવુ વરદાન હોય છે.તે પ્રહલાદને લઈ હોળીમાં બેસે છે પરંતુ બ્હોળીકાનું અવસાન થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૩ ગુરૂકુળ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ સ્થિત સ્વામીનારાયણ ગુરૂકુળ કેમ્પસ ખાતે શિક્ષકદિન નિમિત્તે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં ૧૯૭૮થી ૨૦૧૧ સુધીની બેંચના તમામ વિદ્યાર્થીઓ સહિત ૯૬ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેર ગ્રીનસીટી અને ક્લીનસીટી તરીકે ઓળખાતુ હતુ. પરંતુ સમય જતાં અનેક શાળાઓ અને યુનિવર્સિટીને પરિણામે શહેર શિક્ષણ નગરી બની ગઈ છે. નગરમાં સૌથી જૂની અને મોટી શૈક્ષણિક સંસ્થા ગુરૂકુળ છે. જેમાં હજ્જારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ગુરૂકુળમાં અભ્યાસ કરીને ગયેલા વર્ષો જૂના વિદ્યાર્થીઓ આજે એક મંચ પર જોવા મળ્યા હતા. શિક્ષકદિન નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં ૧૯૭૮થી ૨૦૧૧ સુધીમાં અભ્યાસ કરી ગયેલા ૩૬ ગ્રુપના ૮૦૦ થી વધારે વિદ્યાર્થી ભાઈ-બહેનો સહિત ૯૬ શિક્ષકો હાજર રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ શિક્ષકને તિલક કરી રક્ષા સુત્ર બાંધી પુષ્પમાળા પહેરાવી પુસ્તક અર્પણ કર્યું હતું.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ સંતપૂજન અને ગુરૂવંદના કરી હતી. આ પ્રસંગે શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીએ ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે આ સંસ્થા વર્ષોથી ૩૫ હજાર વિદ્યાર્થીઓને ભણાવે છે. પરંતુ હજુ સુધી ૪૦ વર્ષમાં કોઈ પણ નાની મોટી દુર્ઘટના બની નથી. આપણે સૌ હિન્દુ વૈદિક સંસ્કૃતિ મુજબ ભગવાનને માનીએ છીએ. જગતમાં પરમાત્મા છે અને તે પરમાત્મા શાળાનું સંચાલન કરે છે. સારૂ-નરસુ આપણું કાર્ય ભગવાનના કોમ્પ્યુટરમાં ફીટ થઈ જાય છે. દરેક વિદ્યાર્થીએ પોતાના ક્ષેત્રમાં વિકાસ કરવો જોઈએ. ગુરૂકુળની શાળા અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, કેન્યા, ઓસ્ટ્રેલિયા સ્થપાય તેવા આશિર્વાદ આપ્યા હતા.


શિક્ષકદિન નિમિત્તે રાજ્યભરમાંથી આવેલા વિદ્યાર્થીઓમાં ડૉક્ટર, એન્જીનિયર, આર્કીટેક્ટ, બિલ્ડર, કોન્ટ્રાક્ટર, વેપારી તેમજ સરકારી ઓફિસરોનો સમાવેશ થતો હતો. ઘણા વર્ષો પછી પોતાના મિત્રો અને શિક્ષકને મળવા આ વિદ્યાર્થીઓ પોતાના વ્યવસાયને છોડી ગાંધીનગર આવ્યા હતા.

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કહે છે કે...



● જ્યારે સ્કૂલમાં અભ્યાસ કરતો હતો ત્યારે ધોરણ-૮માં સમાચાર વાંચવાનું કહેવામાં આવતું હતું. ત્યારે હાથપગ ધ્રુજતા હતા. પરંતુ શાળાના અભ્યાસ દરમિયાન હિંમત કેળવાતા અત્યારે હજ્જારોની મેદનીમાં પણ હું આરામથી બોલી શકુ છુ. નેતૃત્વના ગુણો, સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં રસ લેતા વિવિધ પ્રવૃતિ તરફનો ઝોક વધ્યો છે.

- હિરેન ભટ્ટ ( મદદનીશ માહિતી નિયામક)



● હું ૯૦ના દાયકામાં ધોરણ-૧૦માં અહીં અભ્યાસ કરતો હતો. શાળાનું ઘડતર શ્રેષ્ઠ હોવાથી સંસ્કાર પણ ઉત્તમ મળ્યા છે. અહીં માત્ર ભણતર નહીં સંસ્કાર અને જીવન જીવવાની કળા પણ શીખ્યા છે. માતા-પિતાનો પ્રેમ મળે તેવો પ્રમ મને અહીં હરીપ્રસાદ સ્વામી, હરિવલ્લભ સ્વામી પાસેથી મળ્યો છે.

- આનંદ કામલીયા (જરનલ ડોક્ટર બગસરા)



● આ શાળામાં સંસ્કાર અને શિસ્ત ઘડતર માટે યુવા પેઢીને ઉત્તમ યોગદાન આપી રહી છે. દેશ સામેના પડકારોનો સામનો કરવા માટે નવીન યુવા પેઢીને તૈયાર કરી રહ્યા છે.

- મુકેશ ભટ્ટ (પ્રોફેસર)



● જીવનના ઘડતરમાં નાનપણથી જ સ્કુટિનું મહત્વ હોય છે. ગુરૂ પાસેથી વિષયવાર જ્ઞાન મળે છે. તે આપણે બાળકોને તેમજ જીવનમાં ઉપયોગ કરીએ છીએ. આજે મને ચાન્સ મળ્યો એટલે વર્ષો પછી હું બોમ્બેથી આવી છુ. વિદ્યાર્થી-શિક્ષકોને મળવાથી ખુબ આનંદ થયો છે.

- ચેતના જરીવાલા



● શિક્ષક માટે માસ્તર શબ્દ વપરાય છે. માના સ્તરે જઈ શિક્ષણ અને સંસ્કારોનું સિંચન કરે તે માટે આ કાર્યક્રમ રાખ્યો છે. મેં શરૂઆત કરી છે. બધાને ભેગા મળીને પ્રગતિ કરવી. આ પ્રકારના કાર્યક્રમો ચાલુ રહે એ પ્રકારનો વારસો સચવાય એ આશય છે.

- ચિરાગ બારોટ (સોફ્ટવેર કન્સલટન્ટ)

# રાજ્યમાં જીઆઈડીસી જેવી સંસ્થાઓને જમીન આપવા અલગ નીતિ ઘડવા વિચારણા

ગાંધીનગર, તા. ૬

રાજ્યમાં જીઆઈડીસી જેવી સંસ્થાને જમીન આપવા અંગે અલગથી નવી નીતિ ઘડવાની દિશામાં રાજ્ય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

મહેસુલ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં વિવિધ સરકારી સંસ્થાઓ દ્વારા જમીનની માંગણીઓ કરવામાં આવી હતી જે અંગે પડતર માંગણીઓ અંગેની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં રાજ્યના મહેસૂલ વિભાગના અગ્ર સચિવે સરકારી સંસ્થાઓની જમીનની પડતર માંગણીઓ પૈકી વિભાગમાં પડતર અને કલેક્ટર કચેરીમાં પડતર માંગણીઓ અંગેની વિગતો રજુ કરી હતી. આ ઉપરાંત તમામ વિભાગોના સચિવોને એવી પણ વિનંતી કરવામાં આવી હતી કે તેઓના વિભાગની જમીનની માંગણીઓ પૈકી કોઈ માંગણી અંગે સત્વરે કાર્યવાહી જરૂરી હોય તો તેઓને જણાવવામાં આવે કે જેથી કરીને આ બાબત અગ્રતાના ધોરણે હાથ ધરી શકાય.

પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં ઉગોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવે એવું સૂચન કર્યું હતું કે જીઆઈડીસી જેવી સંસ્થાઓને જમીન આપવા અંગેની અલગ નીતિ ઘડવી જોઈએ. આ સૂચનને પગલે રાજ્ય સરકારે આ અંગે જરરી કાર્યવાહી કરવા માટે મહેસૂલ વિભાગને સૂચના આપવામાં આવતા મહેસૂલ વિભાગ દ્વારા હવે જીઆઈડીસી જેવી સંસ્થાને જમીન આપવા માટે અલગ નીતિ ઘડવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ ગાંધીનગર શહેરમાં શૈક્ષણિક હેતુ માટે જમીન આપવાની નીતિ ઘડવા એક સમિતિની રચના કરવામાં આવી હતી.